**DATE: 06/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# સારસા નજીકથી જુગારીયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

સારસા ગામની મધુમતી ખાડીના કિનારે ખુલ્લી જગ્યામાં જુગાર સ્થળ રેઈડ કરીને સુનિલ વસાવા, હસમુખ માછી,સતીષ વસાવા,સુનીલ વસાવા,વિશાલ વસાવા,સુરેશ વસાવા અને સુરેશ વસાવા ને ઝડપી પાડ્યા હતા.પોલીસે તેમની પાસેથી રોકડા રૂ.13,060 તથા મોબાઈલ ફોન નંગ 06 કિ.રૂ.16, 500 તથા ઈલેકટ્રીક બેટરી નંગ-01 કી.રૂ.500 મળી કુલ કી.રૂ.30,060 ના મુદ્દામાલ સાથે સાત જુગારી ઓને ઝડપી પાડી જુગાર ધારાની સંલગ્ન કલમો મુજબ કાર્યવાહી કરી રાજપારડી પોલીસ મથકમાં ગુનો નોંધ્યો છે.

**DATE: 06/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRAPAGE-07**

# ભરૂચમાં ભારતીય ચલણી નોટોની હેરાફેરી કરતા બે ઝડપાયા

ભરૂચ: ભરૂચ નગરમાં પેટ્રોલિંગ વેળા LCB પોલીસને બાતમી મળી હતી કે, અંકલેશ્વરથી આવતી એક રિક્ષા નં.(GJ-16,AT-8590) બિનઅધિકૃત રીતે ભારતીય ચલણી નોટનો જથ્થો લઈ ટંકારીયા તરફ જવાની છે. જેને લઈ પોલીસે ભૃગુઋષિ બ્રિજ નીચે વોચ ગોઠવી હતી. એ વેળા એક રિક્ષા આવી હતી, જેમાંથી હબીબ ઈબ્રાહીમ મન્સૂરી (રહે., ટંકારિયા) તેમજ યાકુબ ઉર્ફે બાબુભાઈ ઈબ્રાહીમ ભોદુ (રહે., ઇખર, તા.આમોદ, જિ.ભરૂચ)ને અટકાવી તપાસ કરતાં રૂ.30,80,000 ભારતીય ચલણી નોટ, અંગજડતીમાં બે મોબાઈલ રૂ.6000 અને એક રિક્ષા મળી કુલ રૂ.32,86,000નો મુદ્દામાલ કબજે કરાયો હતો. બંને ઈસમ ભારતીય ચલણી નોટની હેરાફેરી કરતાં ઝડપાઈ જતાં પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 06/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**



### પોલીસે લક્ઝરી બસ સહિત 10 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો : ડ્રાઇવર સહિત ચારની ધરપકડ કરાઇ

# દમણની ટૂરમાંથી દારૂ લાવેલી 3 મહિલા ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની ત્રણ મહિલા બુટલેગર દમણથી સ્કૂલ બેગમાં દારૂની ખેપ મારતા ઝડપાઇ છે. પોલીસે લકઝરી સહિત 10 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. યાદગાર ટ્રાવેલ્સમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતો વિપુલ પટેલ દમણથી દારૂનો જથ્થાની ખેપ મારી રહયો છે અને અલગ અલગ મુસાફરોની સ્કુલ બેગમાં બોટલો સંતાડી હોવાની ચોકકસ બાતમી પોલીસને મળી હતી. આ બસ પીરામણ ગામના નાકા પાસે હોવાનું જણાતાં પોલીસે દરોડો પાડી બસને કોર્ડન કરી લીધી હતી. પોલીસે બસના ડ્રાઈવરે તથા બસમાં હાજર 3 મહિલાઓની પૂછપરછ કરી હતી. તેમના નામ શાંતા વસાવા, વસંતી વસાવા અને મીના વસાવા હોવાનું બહાર આવ્યું હતું. તેમની પાસે રહેલી સ્કૂલબેગની તપાસ કરવામાં આવતાં તેમાંથી દારૂની બોટલ મળી આવી હતી. તેમની પાસેથી કુલ 52 હજારનો દારુ મળી આવ્યો હતો. લકઝરી સહિત 10 લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે.

ડ્રાઈવર વિપુલ પટેલ અને પેસેન્જર શાંતા વસાવાની પૂછપરછ કરતા તેઓએ અંકલેશ્વરથી દમણની ટુર ગોઠવી હતી. જેમાં ભાટવાડ અને ફાંસી ફળીયામાંથી લોકો જોડાયાં હતાં. દમણથી કેટલીક મહિલાઓ અલગ અલગ બેગમાં દારૂની બોટલો લઇ આવ્યાં હતાં. બસની ડીકીમાં પણ બોટલો રાખવામાં આવી હતી. બસના ડ્રાઈવર સાથે



દારૂની બોટલો લાવવા માટે કમિશન નકકી કરાયું હતું. જે અંકલેશ્વર પહોંચ્યા બાદ આપવાનું હતું. બસના માલિક આસીફ મુસ્તાક મલેકને જાણ હતી પોલીસે આસીફ સામે પણ ગુનો નોંધી તેને ભાગેડું જાહેર કર્યો છે.

**DATE: 06/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયો પરથી કાર્યવાહી

# અંકલેશ્વરમાં હથિયારો સાથે પ્રદર્શન કરતા ઈસમોને દબોચી લેતી પોલીસ

। અંકલેશ્વર ।

અંકલેશ્વરમાં હથિયારો સાથે યુવકોનું હથિયાર સાથે પ્રદર્શન કરવાનો વિડીયો વાયરલ થતાં અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે સોશિયલ મિડીયામાં વાયરલ થયેલા વિડીયોમાં હથિયારો લઈને પ્રદર્શન કરતા આરોપીઓને ઝડપી લઈને કાર્યવાહી હાથ ધરી હતી.

અંકલેશ્વરમાં સોશિયલ મિડીયામાં એક વિડીયો વાયરલ થયો હતો. જેમાં કેટલાક ઈસમો તલવાર, લાકડી, ધારીયા જેવા હથિયારો લઈને પ્રદર્શન કરી રહ્યા હોય તેવું નજરે પડ્યું હતું.આ વિડીયો બાબતે તપાસ કરતા અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથક વિસ્તારમાં આવેલ આત્મીય સોસાયટી સારંગપુરનો હોવાનું જાણવા મળ્યું હતું,

જેથી અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે તપાસ કરીને વિડીયોમાં દેખાતા ઈસમોને ઝડપી લઈને વાયરલ વિડીયો બાબતે પુછપરછ કરી હતી.પોલીસ પૂછપરછમાં આરોપીઓએ જણાવ્યુ હતું કે ગામમાં ચોર આવતા હોવાની અફવા ફેલાયેલ હોય અમારી સોસાયટીમાં કોઈ ચોર ઘૂસી ન જાય તેના માટે અમે હથિયારો સાથે ચોકી કરતા હતા અને આ વિડીયો બનાવ્યો હતો.અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ધવલ બચુભાઈ મુનીયા,રીતેશ ચંદ્રદેવ મહંતો,અંકિત સંતોષકુમાર સીંગ,આશિષ રામકૃષ્ણ પાટીલ, રાજેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ મહિડા,અને આદિત્ય કામેથ સામે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 06/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 3 અડ્ડાઓ પર પોલીસે દરોડા પાડતાં રંગમાં ભંગ

# અંકલેશ્વરમાં જુગાર રમતાં 22 ખેલી જેલના સળિયા પાછળ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં 3 અલગ અલગ જગ્યાએ ચાલતા જુગારના અડ્ડા પર દરોડાઓ પાડી 22 જુગારી ઝડપાયા હતા. સંજાલી ગામના ચવારા ફળિયામાં આવેલ બિલ્ડીંગ પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલાં 12 જુગારીઓને રોકડા 19 હજાર તેમજ 6 ફોન મળી કુલ 47 હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી લીધાં હતાં. તેવી જ રીતે નવા કાસીયા ગામના મોદી ફળિયામાં જુગાર રમતાં 5 ખેલીને 10 હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડયાં હતાં.

પોલીસે ત્રીજો દરોડો નવા દિવા ગામે પાડયો હતો. જળકુંડની બાજુમાં સ્મશાન પાસે બાવળની ઝાડી નીચે ખુલ્લામાં જુગાર રમતાં 5 ખેલીને ઝડપી લીધાં હતાં. પોલીસને જોઈ બે જુગારી ફરાર થઈ ગયાં હતાં. સ્થળ પરથી પોલીસે 14 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ત્રણેય દરોડામાં પોલીસે આરોપીઓને જેલભેગા કરી દીધાં હતાં.

**DATE: 06/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### સીમમાં બાંધેલી ઈજાગ્રસ્ત ગાયને લઈ જઈ કતલ કરી હતી

# ભરૂચ તા.ના શંખવાડ ગામે ગાયની કતલ કરનારા ૬ ઈસમો ઝડપાયા

## પોલીસે કતલ કરવાના હથિયારો સાથે તમામ સામે કાર્યવાહી કરી

। ભરૂચ ।

ભરૂચ તાલુકાના શંખવાડ ગામની સીમમાંથી ગાયની ચોરી કરી ગૌહત્યા કરનાર ૬ આરોપીઓને ભરૂચ તાલુકા પોલીસે ઝડપી પાડી હથિયારો પણ કબ્જે કર્યા હતા.

ભરૂચ તાલુકા પોલીસ મથકમાં કમલેશ બકોરભાઈ આહીરે તા.૧લી નવેમ્બર ૨૦૨૪ના રોજ ફરિયાદ આપી હતી કે, ૩૦ મી ઓકટોબરના રોજ તેમની ગાયને પગમાં ઈજા પહોંચી હતી. જેથી ગાયથી ચલાતુ ન હોઈ સીમમાં ઝાડ સાથે દોરડા વડે બાંધી હતી. ત્યારબાદ બીજા દિવસે ગાય મળી આવી ન હતી.

ત્યારબાદ શોધખોળ કરતા જાણવા મળ્યુ હતુ કે, તેમની ગાયને શંખવાડ ગામના ૬ ઈસમોએ રાત્રિના સમયે ચોરી કરી લઈ જઈ બાવળની ઝાડીમાં ગાયને લઈ જઈ કતલ કરી ગૌમાંસ અંદરો-અંદર ભાગ પાડી લીધેલો હતો. આ ફરીયાદના આધારે પીઆઈ પી.ડી.ઝણકાટે ગંભીરતાથી લઈને ટીમની સાથે ગાયની ચોરી કરી તેની ગેરકાયદેસર રીતે કતલ કરનાર શંખવાડ ગામના શરીફ ઉર્ફે સરફરાજ ગુલામ મન્સુરી, વસીમ ઉસ્માન મન્સુરી, મુબારક હૈદર મન્સુરી, સોહેબ સૌકત મન્સુરી, રિઝવાન અબ્દુલ મન્સુરી અને અજય ઉર્ફે બન્કી લક્ષ્મણભાઈ રાઠોડને ગણતરીના સમયમાં જ ઝડપી પાડયા હતા. પોલીસે તેમની પાસેથી કતલ કરવાના મોટા છરો એક, ચપ્પા નંગ ૨, કુહાડી નંગ ૧, નાનો છરો નંગ ૧ સહિતનો મુદ્દામાલ કબજે કરી આરોપીઓની સામે વિવિધ કલમો લગાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 06/11/2024 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ટંકારિયાના શખ્સે સુરતથી રૂપિયા મંગાવ્યાંની વિગતો સામે આવી

# સુરતથી રિક્ષામાં હવાલાના ₹ 30.80 લાખ લઈને આવતા બે જણાં ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દિવાળી - નવા વર્ષના પર્વ ટાંણે પોલીસે જિલ્લાના મુખ્ય માર્ગો પર ખાસ વાહન ચેકીંગ સહિતની પ્રવૃત્તિ હાથ ધરી હતી. જેના ભાગરૂપે ભરૂચ એલસીબીની ટીમ પણ ભરૂચ શહેરમાં પેટ્રોલિંગમાં હતી તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, અંક્લેશ્વર તરફથી આવતી એક રીક્ષામાં હવાલાના રૂપિયાની હેરાફેરી થઇ રહી છે. જે રીક્ષા ભૃગુઋષિ બ્રીજ નીચેથી પસાર થશે. જેથી તેમણે ભૃગુઋષિ બ્રીજ નીચે વોચ ગોઠવી ચોક્કસ બાતમીવાળી રીક્ષા આવતાં તેને અટકાવતાં તેમાં ટંકારિયા ગામનો હબીબ ઈબ્રાહીમ મન્સુરી તેમજ આમોદના ઈખર ગામના યાકુબ ઉર્ફે બાબુ ઈબ્રાહિમ ભોદુને ટીમે ઝડપી પાડી તેમની પાસેથી હવાલાના કુલ 30.80 લાખ રૂપિયા જપ્ત કર્યાં હતાં. પ્રાથમિક પુછપરછમાં તેમણે જણાવ્યું હતું કે, ટંકારિયા ગામના એક શખ્સના કહેવાથી તેઓ સુરતના અન્ય એક શખ્સને ત્યાંથી રૂપિયા લઇ ટંકારિયા પરત જઇ રહ્યાં હતાં.

## બે વર્ષ પહેલાં પણ પાંચબત્તી પાસે રિક્ષામાં હવાલાના રૂપિયાની હેરાફેરી ઝડપાઈ હતી

ભરૂચ જિલ્લો ભુતકાળમાં હવાલાના રૂપીયાને લઈને ભારે બદનામ જિલ્લો હતો. ત્યારે બે વર્ષ પહેલાં પણ રીક્ષામાં જ હવાલાના રૂપિયાની હેરાફેરી કરવાનો કારસો એસઓજીએ ઝડપી પાડ્યો હતો. તે સમયે પણ ટંકારિયા ગામનો જ શખ્સ ઝડપાયો હતો. એક વ્યક્તિએ એક મોબાઈલ નંબર આપી 19.32 લાખ રોકડા પહોચાડવા તેને આપ્યાં હોવાનું તેમજ તેને તેના બદલામા 400 રૂપિયા મળતાં હોવાની કબુલાત કરી હતી.

## રૂપિયા લાવવા 2-3 હજાર રૂપિયા મળતાં

પોલીસે ઝડપાયેલાં બન્ને આરોપીઓની પુછપરછ કરતાં તેમણે કબુલ્યું હતું કે, તેઓને ટંકારિયા ગામના શખ્સે તેમને સુરતથી રૂપિયા લાવવા માટે રીક્ષાના પેટ્રોલનો ખર્ચ તેમજ બન્નેને 2થી 3 હજાર રૂપિયા આપવાનું નક્કી કરતાં તેઓએ સુરત જઇ રૂપિયા લાવ્યા હતાં. ટંકારિયાના શખ્સે તેમને સુરતના વ્યક્તિનો માત્ર મોબાઈલ નંબર આપ્યો હતો.

## રૂપિયા ઈન્ટરનેશનલ હવાલાના હતાં કે સ્થાનિક હવાલાની તેની પણ તપાસ થશે

સુરતના શખ્સ પાસેથી 30.80 લાખ રૂપિયા લાવનારા બન્ને આરોપીઓની પુછપરછમાં ટંકારિયાના મંગાવનાર અને સુરતના મોકલનાર શખ્સની પ્રાથમિક વિગત મળી છે. ત્યારે તેઓને ઝડપી પાડવા માટે એલસીબીએ અલગ અલગ ટીમો બનાવી છે. તેમની ધરપકડ થયેથી તેમની પાસેથી મળેલાં રૂપિયા ઈન્ટરનેશનલ હવાલાના હતાં કે સ્થાનિક હતાં. તેની વિગતો મળશે.

**DATE: 06/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYASKAER PAGE-04**

### ઝઘડિયાના નાના સાંજામાં મહિલાની હત્યાનો પ્રયાસ કરાયો

# પત્નીના ત્રાસથી ત્રસ્ત પતિએ પત્ની પર મિત્રોની મદદથી હુમલો કરાવ્યો

### ઇજાગ્રસ્તને પતિએ જ સારવાર માટે ભરૂચ સિવિલમાં ખસેડી હતી

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયાના નાના સાંજા ગામે પત્નીના ત્રાસથી કંટાળેલા પતિએ જ તેના મિત્રોની મદદથી પત્ની પર જીવલેણ હુમલો કરાવ્યો હોવાની ઘટના સામે આવી છે. પત્નીને ચપ્પુના 3 ઘા વાગ્યા હોવાથી સારવાર હેઠળ છે જયારે પોલીસે પતિ સહિત બે આરોપીની ધરપકડ કરી છે જયારે એક હજી ફરાર હોવાથી તેની શોધખોળ ચાલી રહી છે.

ઝઘડિયાના બોરીદ્રા ગામમાં રહેતા અનિતા યોગેશ પટેલ નાના સાંજા ત્રણ રસ્તા ખાતે ગલ્લો ચલાવે છે. 31મીએ બપોરના સમયે તેઓ તેમના ગલ્લા પર હતાં તે સમયે એક યુવાને તેમના પર ચપ્પુના ઉપરાછાપરી 3 ઘા મારી દીધાં હતાં. આસપાસથી અન્ય લોકો દોડી આવતાં હુમલાખોર ફરાર થઇ ગયો હતો. ઈજાગ્રસ્તને સારવાર માટે ભરૂચ સિવિલમાં ખસેડવામાં આવી હતી. મહિલાની હત્યાના પ્રયાસ બાદ ભરૂચ એલસીબીની ટીમે તપાસ હાથ ધરતાં મહિલાના પતિ યોગેશ પટેલ પર શંકા ઉપજી હતી. તેની કડકાઈથી પૂછપરછ કરતાં તે પડી ભાંગ્યો હતો અને પત્નીના ત્રાસથી કંટાળીને તેણે તેના બે મિત્રોની મદદથી હુમલો કરાવ્યો હોવાની કબુલાત કરી હતી. પોલીસે હાલ યોગેશ પટેલ અને કુળવેશ ઉર્ફે કાલુ વસાવાની ધરપકડ કરી છે જયારે કિરણ વસાવા ફરાર હોવાથી તેને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે. ફરાર આરોપી ઝઘડિયાના લીમોદ્રા ગામનો વતની હોવાની વિગતો સામે આવી છે.



### હત્યાના ગુનાને લૂંટમાં ખપાવી દેવાનું આયોજન હતું

યોગેશ તેની પત્ની અનિતાના ત્રાસથી ત્રાસી ગયો હોવાથી તેનું કાસળ કાઢી નાખવાની યોજના બનાવી હતી. આ માટે તેણે તેના મિત્રો કુળવેશ અને કિરણની મદદ લીધી હતી. 15 દિવસથી ત્રણેય ભેગા મળી હત્યાને કેવી રીતે અંજામ આપવો તેની ચર્ચા કરતાં હતાં. દિવાળીનો તહેવાર હોવાથી બપોરના સમયે રસ્તા પર વાહનોની અવરજવર ઓછી હોવાની તકનો લાભ લઈ બનાવના દિવસે કુળવેશ અને કિરણ બપોરે 2 વાગ્યે ઝઘડિયાથી મોપેડ લઈને નીકળ્યાં હતાં. બોરોસીલ કંપની પાસે કિરણ વસાવાને મોપેડ પરથી ઉતારીને કુળવેશ જતો રહયો હતો. કિરણ અનિતાબેનના ગલ્લા પર આવ્યો હતો અને બપોરના 4 વાગ્યા સુધી ત્યાં સિગરેટ પીતો રહયો હતો. ચાર વાગ્યાના અરસામાં તક મળતાં તેણે ચપ્પુના 3 ઘા અનિતાને મારી દીધાં હતાં. હુમલો કર્યા બાદ તે ચાલતો ચાલતો બોરોસીલ કંપની પાસે આવ્યો હતો. ત્યાંથી કુળવેશ સાથે મોપેડ પર ભાગીને યોગેશના ખેતરમાં ગયાં હતાં. ઘટના બાદ યોગેશ નાના સાંજા ગયો હતો અને કોઈને શક ન જાય તે માટે ઈજાગ્રસ્ત પત્નીને સારવાર માટે ભરૂચની સિવિલમાં ખસેડી હતી. હત્યાના બનાવને લૂંટમાં ખપાવવા માટે ચેઈન કે અન્ય વસ્તુ લૂંટવાની યોજના હતી પણ કિરણ લૂંટ કરવાનું ભુલી ગયો હતો.

**DATE: 07/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી હાથ ધરવામાં આવી

# સાયખામાં 10 શ્રમિકોની નોંધણી નહિ કરાવનારા સામે પોલીસ ફરિયાદ થઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

સાયખા જીઆઈડીસીની કંપનીમાં પોલીસે ચેકિંગ કરતાં કામદારોની નોંધણી ન કરી હોવાનું જણાતાં કંપનીના જવાબદાર વ્યક્તિ સામે ગુનો નોંધ્યો હતો.

ભરૂચ શહેર જિલ્લામાં અગાઉ ચોરી, ધાડ, લૂંટ જેવી ઘટનાઓ બની હોવાથી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જિલ્લામાં કામ કરતાં પરપ્રાંતિય કામદારોના પોલીસ વેરિફિકેશ બાબતનું ખાસ જાહેરનામું બહાર પાડ્યુંછે. જેના સંદર્ભમાં વાગરા પોલીસની ટીમ દ્વારા સાયખા જીઆઈડીસીમાં આવેલી કંપનીઓમાં ચેકિંગ શરૂ કર્યું છે. ત્યારે સાયખા જીઆઈડીસીમાં અવોલી મેન્ગ્રીજેન્ટ ફાર્મા કેમ કંપનીમાં ટીમે ચેકિંગ કરતાં ત્યાં ફેબ્રિકેશન તેમજ કન્ટ્રક્શનનું કામ ચાલી રહ્યું હતું. જ્યાં કામ કરતાં કાંમદારો પૈકીના એકને બોલાવી પુછપરછ કરતાં તે રાજસ્થાનનો હોવાનું તેમજ ત્યાં કંપનીમાં પતરા નાંખવાનું કામ કરતો હોવાનું કબુલ્યું હતું. તેની સાથેના કામદારો સાથે તે એક મહિનાથી ત્યાં કામ કરી રહ્યાં હતાં.જેથી તેઓએ કંપનીના જવાબદાર વ્યક્તિની પુછપરછ કરતાં તેનું નામ સમીર રાવલ હોવાનું જણાયું હતું. ટીમે તેની પુછપરછ કરતાં ત્યાં 10 પરપ્રાંતિયો કામ કરતાં હોવાનું તેમજ તેઓના આઈડી પ્રુફ તેમજ ફોટા નિયત ફોર્મ સાથે સ્થાનિક પોલીસ મથકે નોંધણી કરાવી ન હોવાનું માલુમ પડ્યું હતું. જેના પગલે ટીમે કંપનીના જવાબદાર વ્યક્તિ સમીર રાવલ વિરૂદ્ધ જાહેરનામા ભંગ અંગેનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 08/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

### ઝઘડિયાના નાનાસાંજા ત્રણ રસ્તા નજીક

# ગલ્લા પર બેઠેલી મહિલા પર હુમલો કરનાર બે શખ્સ ઝડપાયા

ઝઘડિયા તા.૭

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના નાનાસાંજા ત્રણ રસ્તા નજીક ગલ્લા પર બેઠેલ એક મહિલા પર હુમલો કરવાના ગુના હેઠળ ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને ઝઘડિયા પોલીસની ટીમે બે ઈસમોને ઝડપી લઈને અન્ય એકને વોન્ટેડ જાહેર કર્યો હતો.

## હત્યાના પ્રયાસના ગુના હેઠળ બે આરોપીને ઝડપી લઈ એકને વોન્ટેડ જાહેર કર્યો

તા.૩૧-૧૦-૨૪ ના રોજ બપોરે ૪ વાગ્યે ગુમાનદેવ-નાનાસાંજા ત્રણ રસ્તા ખાતે એક ગલ્લા પર ગલ્લો ચલાવતા અનીતાબેન યોગેશભાઈ પટેલ રહે.બોરીદ્રા તા.ઝગડિયાના પાસે અજાણ્યા શખ્સે ગલ્લા પર આવી સીગારેટ માંગેલી હતીસતત બે કલાક સુધી ગલ્લા પર સીગારેટ પીધા બાદ મોકો જોઈ મહિલાની એકલતાનો લાભ લઈ શખ્સે તિક્ષ્ણ હથિયારથી ૩ ઘા મારીને અનીતાબેન પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી.ખૂન કરવાના ઈરાદે ગંભીર ઈજા પહોચાડેલી ત્યારબાદ ઝઘડિયા પોલીસ મથક ખાતે ખૂન કરવાના ઈરાદે હુમલો કરાયો હોવાની ફરીયાદ નોંધાયેલી હતી.

ભરૂચ એલસીબી પીઆઈ તથા એલસીબી ઈ.ચા.પીઆઈની સુચના મુજબ આ ગુનાનો ભેદ ઉકેલવા સઘન તપાસ દરમિયાન હુમલામાં મહિલાના પતિ યોગેશભાઈ પટેલની સંડોવણી હોવાનું જણાતા યોગેશભાઈ પટેલને ઝગડિયા પોલીસ મથક ખાતે બોલાવીને પુછપરછ કરતા તે ભાંગી પડી કબૂલાત કરી હતી. સદર ઈજા પામનાર તેમની પત્ની અનીતાબેન પટેલ ઘણા સમયથી તેમને ત્રાસ આપતા હોવાથી તેમનું ખૂન કરવા માટે મિત્રો કુળવેશભાઈ ઉર્ફે કાલુ પ્રવીણભાઈ વસાવા રહે. ઝગડિયા તથા કીરણભાઈ વસાવા રહે.લિમોદરા તા.ઝઘડિયાનાને કહેલુ કે અનીતાના ત્રાસથી પોતે કંટાળી ગયેલ હોઈ તેને પતાવી દેવાની છે, પરંતુ આ કામને અંજામ આપતા સમયે તેને પહેરેલી ચેઈન અથવા અન્ય કોઈ દાગીના હોય તે લઈ લેવા, જેથી લૂંટ કરવાના ઈરાદાથી હત્યા થઈ હોવાનું જણાય. આ લોકો છેલ્લા પંદર દીવસથી પ્રયત્ન કરતા હતા દિવાળીનો તહેવાર હોવાથી નાનાસાંજા ત્રણ રસ્તા ખાતે વાહનોની અવરજવર ઓછી હોઈ મોકો જોઈને ત્રણેય આરોપીઓએ મહિલા પર હુમલો કરવાનું નક્કી કર્યું હતું. બપોરના બે વાગ્યાના સમય દરમિયાન યોગેશ પટેલની મોપેડ લઈ કુળવેશ ઉર્ફે કાલુ વસાવા તથા કીરણ વસાવા નિકળ્યા હતા.રસ્તામાં કિરણ વસાવા ઉતારી દીધેલી ત્યાંથી ચાલતો-ચાલતો નાનાસાંજા ત્રણ રસ્તા ખાતે ગલ્લા પર આવી મહિલા પાસે વારંવાર સિગારેટ માંગી મોકો જોઈને તિક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો પરંતુ ઈજાગ્રસ્ત મહિલાના શરીરમાંથી વધારે લોહી નીકળતું જોઈને કીરણ વસાવા ગભરાઈ ગયો હતો.પકડાઈ જવાની બીકથી કરેલો પ્લાન મુજબ લૂંટ કરવાનુ ભૂલી ગયેલા અને જલ્દીથી સ્થળ પરથી ભાગી ગયો હતો.તે બાદ યોગેશ પટેલ કોઈને શક ના પડે તે માટે સ્થળ પર આવી ઈજાગ્રસ્ત અનીતાબેનની સાથે સિવિલ હોસ્પીટલ ભરૂચ ખાતે ગયા હતા, પરંતું સદનસીબે અનીતાબેનનો જીવ બચી ગયેલો હતો.આ ગુના બાબતે ભરૂચ એલસીબી અને ઝઘડિયા પોલીસની ટીમે બે ઈસમો યોગેન્દ્રાભાઈ ઉર્ફે યોગેશ ડાહ્યાભાઈ પટેલ રહે. પટેલ ફળિયું બોરીદ્રા તા.ઝઘડિયા અને કુળવેશભાઈ ઉર્ફે કાલુ પ્રવીણભાઈ વસાવા રહે. ઝઘડિયાનાને ઝડપી લઈને કિરણભાઈ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો.પોલીસે આ ગુના હેઠળ બે નંગ મોબાઈલ, મોપેડ - સ્કુટી નંગ ૨ કબજે લીધું હતું.

**DATE: 08/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ નજીક

# ટ્રાફિકને અડચણરૂપ બની પોલીસ સાથે બોલાચાલી કરનાર પિતા-પુત્રની અટકાયત

અંકલેશ્વર તા. ૭

અંકલેશ્વરમાં મહાવીર ટ નગ જેવા સંભવિત ટ્રાફિક વિસ્તારમાં માર્ગના વળાંક ઉપર બાઈક અને કાર ઉભુ રાખનાર વાહન ચાલક પિતાપુત્રને પોલીસ સાથેની જાહેરમાં જીભાજોડી મોંઘી પડી હતી.પોલીસે પિતાપુત્રને અટકમાં લઈ પોલીસ મથકે દોરી ગઈ હતી જોકે બાદમાં માફીપત્ર લખી રૂ. ૫૦૦ નો દંડ ભરવો પડ્યો હતો.

## અંતે માફી પત્ર અને રૂ.૫૦૦ નો દંડ ભરવો પડ્યો

બાઈક સવાર યુવક અને તેના પિતા પોતાની બાઈક તેમજ કાર લઈ મહાવીર ટર્નિંગ ઉપર ઉભા હતા.ચારેબાજુ વ્યાપક પ્રમાણમાં ટ્રાફિક જામ સર્જાયો હતો.ટ્રાફિક પોલીસના જવાનોએ તેઓને વળાંક ઉપરથી વાહન હટાવી લેવાનુ કહેતા પોલીસ સાથે તેઓ જીભાજોડી ઉપર ઉતરી આવ્યા હતા.

યુવકના પિતા કોઈ ગાંધીનગરના મંત્રીના સચિવ કક્ષાના અધિકારી ઓળખાણમાં હોવાનો રોફ ઝાડી ફરજ ઉપરના બી ડિવિઝન પોલીસ મથકના કર્મીઓનો વિડિઓ ઉતારી તેમની સાથે માથાકૂટ કરી હતી.વર્દી ઉતરાવી દેવાની ધમકીઓ આપવા માંડી હતી.જો કે ચોફેર વાહનોનો ચક્કા જામ સર્જાતો જતો હતો.પોલીસ કર્મીઓએ જાહેરમાં વધુ ચર્ચા કરવાનુ ટાળ્યુ હતુ.પોલીસ મથકે જવા જણાવ્યુ હતુ પરંતુ પિતા પુત્ર ટસથી મસ ન થતા અંતે બી ડિવિઝન પોલીસ કમીઓએ પિતા પુત્રને પોલીસ વાનમાં ધકેલી પોલીસ મથકે દોરી ગયા હતા.

આ ઘટનાને પગલે ઉગ્ર બોલાચાલીના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.અંકલેશ્વર ભરૂચ વચ્ચેના સ્ટેટ હાઈવે તેમજ અંકલેશ્વર શહેર તરફ જવાના બંને માર્ગ ઉપર વાહનોની લાંબી ક્તારો મંડાય ગઈ હતી.અંતે પોલીસે વાહન અને કાર ચાલકની અટકાયત કરી હતી.વાહન વ્યવહાર પૂર્વવ્રત કરાવ્યો હતો.પોલીસે પિતા-પુત્રને પોલીસ મથકે દોરી ગઈ હતી.જો કે બાદમાં માફી પત્ર લખાવી રૂ. ૫૦૦ નો દંડ ભરાવ્યો હતો.આ સમગ્ર ઘટનાક્રમનો વિડિઓ તે બાદ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

**DATE: 09/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે ઉપરથી

# કારમાં રૂા.૧૮ લાખના MD ડ્રગ્સ સાથે ભરૂચના ૩ શખ્સ ઝડપાયા

## પોલીસે MD ડ્રગ્સ સાથે રૂા.૨૦.૨૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

| ભરૂચ |

ભરૂચના દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પરથી એક કારમા એમડી ડ્રગ્સની હેરાફેરી કરતા ત્રણ ઈસમોને તાલુકા પોલીસે કારેલા અને સમની ગામ તરફ જવાના માર્ગના ઓવરબ્રિજ નીચેથી ઝડપી પાડયા હતા. પોલીસે તેમની પાસેથી એમડી ડ્રગ્સ કિંમ રૂા.૧૮ લાખ સાથે કુલ રૂા.૨૦.૨૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરીને વધુ તપાસ બી.ડીવીઝન પોલીસ ચલાવી રહી છે.

ભરૂચ તાલુકા પોલીસ મથકના પીઆઈ પી.ડી.ઝણકાટ અને તેમની ટીમ નો ડ્રગ્સ ઈન ભરૂચ કેમ્પેઈન અંતર્ગત કામગીરીમાં હતા તે સમયે તેમની ટીમને માહિતી મળી હી કે, દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે (એન.ઈ-૪) ઉપર વડોદરાથી ભરૂચ તરફ સફેદ કલરની ઈનોવા ગાડીમાં અમુક ઈસમો શંકાસ્પદ માદક કેફી પદાર્થ લઈ વેચાણ અર્થે હેરાફેરી કરે છે. માહિતીના આધારે તેમણે ટીમ સાથે વડોદરાથી ભરૂચ તરફ જવાના રોડ ઉપર કારેલ ગામથી સમની જવાના નવા ઓવર બ્રીજની બિલકુલ નીચે નાકાબંધી કરી હતી. આ સમય દરમ્યાન માહિતીવાળી ઈનોવા કાર આવતા તેને રોકી તેમાં તપાસ કરા કારમાં સવાર ઈલ્યાસ અલીહુસૈન મલેક, અશરફ બશીરભાઈ ઈદ્રીશભાઈ મુન્સી અને હનીફ અનવરભાઈ વજેસંગભાઈ રાજ મળી આવ્યા હતા. પોલીસે તેમની પાસેથી નશાકારક એમ.ડી.ડ્રગ્સ કુલ ૦.૧૮૦ કીલોગ્રામ જે એક ગ્રામની કીંમત રૂા.૧૦ હજાર લેખે કુલ ૦.૧૮૦ ગ્રામની કીંમત રૂા.૧૮ લાખ, ત્રણ મોબાઈલ ફોન, ડીઝીટલ વજનકાંટો તથા આરોપીઓની અંગઝડતીમાંથી મળેલા રોકડા રૂપીયા, ટાઈટન કંપનીનું ઘડિયાળ તથા ઈનોવાકાર મળીને કુલ રૂા.૨૦,૨૨,૫૨૦ નો મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડયા હતા. જયારે મુંબઈના રઉફ જેના પુરા નામની ખબર ન હોય તેને વોન્ટેડ જાહેર કરીને પકડાયેલા આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


દિલ્હી- મુંબઇ એક્સપ્રેસ વે પરથી ડ્રગ્સ સાથે ઝડપાયેલા ખેપિયા

**DATE: 09/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ચાવજથી દારૂ લઇને જઇ રહ્યાં હતાં : 4.50 લાખનો મુદ્દામાલ જપ્ત

# વાગરાના સારણ રોડ પર ઈકો કારમાં દેશી દારૂની હેરાફેરી કરતાં બે ખેપિયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | વાગરા

વાગરાના સારણ માર્ગ પરથી દેશી દારૂના જથ્થા સાથે પોલીસે વાંસી ગામના બે ખેપિયાઓને લાખોના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા. દારૂનો જથ્થો ભરી આપનાર ચાવજ ગામના બુટલેગરને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

વાગરા પોલીસને વાગરાથી સારણ રોડ પર દારૂ ભરેલી એક ઈકો કાર ઉભેલી છે તેવી બાતમી મળી હતી. પોલીસે બાતમી મુજબની કારને કોર્ડન કરી લીધી હતી. જેમાં વાંસી ગામના ધર્મેશ વસાવા તેમજ અરવિંદ વસાવા મળી આવ્યાં હતાં. કારની તલાશી લેવામાં આવતાં તેમાંથી દેશી દારૂ ભરેલાં 25 લિટરના 10 કારબા મળી આવ્યાં હતાં. આ ઉપરાંત એક થેલીમાંથી 10 લીટર દારૂ અલગથી મળ્યો હતો. પોલીસે 52 હજારનો દારૂ અને કાર સહિત 4.52 લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. આરોપીઓએ દારૂનો જથ્થો ચાવજના સંતોષ વસાવા પાસેથી




લાવ્યાં હોવાની કબુલાત કરી હતી. પોલીસે વોન્ટેડ જાહેર કરી ત્રણેય ઈસમો સામે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 09/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સેન્ટર પોઇન્ટ સોસાયટીમાં પોલીસનો દરોડો

# ચોકીદારના રૂમમાં જ જુગારનો અડ્ડો : 8 ખેલીઓ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં સેન્ટર પોઈન્ટ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીમાં સિક્યુરિટી ગાર્ડની રૂમમાંથી પોલીસે જુગાર રમતા આઠ જુગારીઓને ઝડપી પાડી રોકડા રૂપિયા 31800 જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

સેન્ટર પોઈન્ટ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીના સિક્યુરિટી ગાર્ડની રૂમમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે તેવી માહિતી પોલીસને મળી હતી. માહિતીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. જુગાર રમતા કાપોદ્રા ગામની રમણીય રેસીડેન્સીની વોચમેનના રૂમમાં રહેતો જનક બહાદુર લાલબહાદુર બિસ્ટ, અક્કલ બહાદુર જવાન સીંગ બિસ્ટ, પુરન કૌસે સુનાર,, કમલ બહાદુર દેવ કડાયત અને સંતોષ કરન બહાદુર ચંદ, કમલ નંદ સીંગ ભાટ , ધન બહાદુર નરબહાદુર ક્ષેત્રિય, તેમજ શેર બહાદુર ભવન સિંગ બિસ્ટને ઝડપી પાડી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તમામ આરોપીઓ પાસેથી 31 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

**DATE: 10/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

# અંકલેશ્વર GIDC પોલીસે ૧૦ મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા

અંકલેશ્વર : ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સૂચનાના આધારે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા ગુમ થયેલા મોબાઈલ એકટીવ થયા હતા. જેને સ્ટ્રેસ કરી મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા છે. પોલીસે રૂ.૧.૪૧ લાખની કિંમતના ૧૦ મોબાઈલ ફોન મૂળ માલિકોને પરત કરવામાં સફળતા મેળવી છે. આ અગાઉ પણ જીઆઈડીસી પોલીસે રૂ.૭.૩ લાખની કિંમતના ૩૭ મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા હતા.